**અગ્રતા ક્રમ :** **૧૯**

વિભાગ: **ઉદ્યોગ અને ખાણ વિભાગ /**

તારાંકિત પ્રશ્ન ક્રમાંક : **૧૫/૪/૨૦૨૫**

વિધાનસભા ગૃહમાં જવાબ આપવાની તારીખ **: ૧૯/૨/૨૦૨૪**

પંદરમી ગુજરાત વિધાનસભાનું ચોથું સત્ર

પ્રશ્નનું શીર્ષક **: રાજ્યમાં ડીપ–સી એફ્લુઅન્ટ ડિસ્પોસઝલ પ્રોજેક્ટ બાબત**

પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રીનું નામ અને તેમનો મત વિસ્તાર:

**શ્રી વિમલભાઈ કાનાભાઈ ચુડાસમા (સોમનાથ)**

## અનુક્રમણિકા


| ક્રમ | પ્રશ્નની વિગત | મુખ્ય પેજ |
|---|---|---|
| | વિધાનસભા પ્રશ્ન | |
| | વિધાનસભાને મોકલી આપેલ જવાબ | |
| | યોજનાનું હાર્દ | |
| | પુરક માહિતી | **પેટા પ્રશ્ન પુછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ** |
| ૧ | ડીપ-સી પ્રોજેક્ટની જરૂરીયાત ઉભી થવાનું કારણ? | શ્રી ભગવાનજી કરગટીયા (મંગરોળ) |
| ૨ | ડીપ-સી પ્રોજેક્ટ અંતર્ગત કેટલી વસાહતોને લાભ થશે? | શ્રી ભગવાનજી કરગટીયા (મંગરોળ) |
| ૩ | અંકલેશ્વર, સરિગામ અને દહેજ ઔ. વસાહતોના ડીપ-સી પ્રોજેક્ટ યોજના હેઠળના મહત્વના પ્રોજેક્ટ માટે શું કાર્યવાહી કરવામાં આવેલ છે તેમજ સદર પ્રોજેક્ટની વર્તમાન સ્થિતી શું છે? | શ્રી બાબુસિંહ જાદવ (વટવા) |
| ૪ | સરકારશ્રી દ્વારા ઉદ્યોગોના એફ્લુઅન્ટ અંગેના પ્રદૂષણ નિવારણ માટે કોઇ સહાય ઉપલબ્ધ કરવામાં આવેલ છે? | શ્રી બાબુસિંહ જાદવ (વટવા) |
| ૫ | ઉદ્યોગ અને ખાણ વિભાગ દ્વારા વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન ડીપ-સી એફ્લુઅન્ટ ડીસ્પોઝલ પ્રોજેક્ટ માટે ખર્ચ શાથી થયેલ નથી. | |
| ૬ | સદર ડીપ-સી પ્રોજેક્ટની કામગીરી અંદાજીત ક્યારે પૂર્ણ થશે? | |

# વિધાનસભાએ વિભાગને પુછેલ પ્રશ્ન

તારાંકિત પ્રશ્ન | ક્રમાંક: પ્ર/

## ગુજરાત વિધાનસભા સચિવાલય

તારાંકિત પ્રશ્ન ક્રમાંક: 15/4/2025

વિષય:

રાજ્યમાં ડીપ-સી એફ્લુઅન્ટ ડીસ્પોઝલ પ્રોજેક્ટ

| સૂચના મળ્યાની તારીખ: | વિભાગે ઓનલાઈન જવાબ મોકલાવવાની છેલ્લી તારીખ | પ્રશ્ન દાખલ કર્યાની તારીખ |
|---|---|---|
| 20/01/2024 | 13/02/2024 | 01/02/2024 |

*15/4/2025 શ્રી વિમલભાઇ કાનાભાઇ ચુડાસમા (સોમનાથ)

ઉદ્યોગ જણાવવા કૃપા કરશે કે:-

માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં ડીપ-સી એફ્લુઅન્ટ ડીસ્પોઝલ પ્રોજેક્ટની સૈધ્ધાંતિક, વહીવટી અને તાંત્રિક મંજૂરી ક્યારે અને કેટલી રકમની આપવામાં આવેલ,

(૨) ઉક્ત પ્રોજેક્ટ પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો,

(૩) ઉક્ત પ્રોજેક્ટ ક્યાં સુધીમાં પુર્ણ કરવા કઈ એજન્સીને ક્યારે કામગીરી સોંપવામાં આવેલ, અને

(૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત કામગીરી ક્યા તબક્કે છે?

----

મુખ્ય પેજ પર જાઓ

## વિધાનસભાને મોકલી આપેલ જવાબ

### રાજ્યમાં ડીપ-સી એફ્લુઅન્ટ ડીસ્પોઝલ પ્રોજેક્ટ

* 15/4/2025 **શ્રી વિમલભાઇ કાનાભાઇ ચુડાસમા** (સોમનાથ) : **માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે –

**પ્રશ્ન**

**૧)** તા.૩૧-૧૨-૨૦૨૩ ની સ્થિતિએ રાજ્યમાં ડીપ-સી એફલ્યુઅન્ટ ડિસ્પોઝલ પ્રોજેક્ટની સૈધ્ધાંતિક, વહીવટી અને તાંત્રિક મંજુરી ક્યારે અને કેટલી રકમની આપવામાં આવેલ,

**ઉત્તર**

**૧)** સૈધ્ધાંતિક અને વહીવટી મંજુરી તા.૨૬-૧૧-૨૦૧૯ ઠરાવથી નીચેની વિગતે આપવામાં આવેલ છે.

| ક્રમ | ઔદ્યોગિક એસોસીએશન | કુલ રકમ (રૂ. કરોડ માં) |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૧૪૭૮.૦૦ |
| ૨ | જેતપુર | ૬૬૯.૦૦ |
| ૩ | વડોદરા | ૧૨૮.૦૦ |
| | કુલ અંદાજીત રકમ | ૨૨૭૫.૦૦ |

- જેતપુર પ્રોજેક્ટ માટે રૂ. ૬૮૮.૯૮ કરોડ ની રીવાઇઝ વહીવટી મંજુરી તા.૩૦/૦૬/૨૦૨૧ તથા રૂ. ૬૬૭ કરોડ ની તાંત્રિક મંજુરી તા.૧૮/૦૧/૨૦૨૧ ના રોજ આપવામાં આવેલ.

- ડીપ-સી એફ્લુઅન્ટ ડીસ્પોઝલની સૈદ્ધાંતિક, વહીવટી મંજુરી તા.૧૬/૦૫/૨૦૨૩ ના રોજ રૂ.૪૭૦ કરોડની મંજુરી આપવામાં આવેલ.

**૨)** ઉકત પ્રોજેકટ પાછળ ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો,

**૨)** રાજ્ય સરકારે ૭૦.૦૦ કરોડ ની ફાળવણી કરેલ છે તથા જી.આઇ.ડી.સી. દ્વારા તેના સ્વભંડોળ સહિત કુલ રૂ.૧૨૩.૮૯ કરોડનો ખર્ચ કરેલ છે.

**૩)** ઉકત પ્રોજેકટ કયાં સુધીમાં પુર્ણ કરવા કઈ એજન્સીને ક્યારે કામગીરી સોપવામાં આવેલ, અને

**૩)** ૧) જેતપુર: જેતપુર ખાતેના પ્રોજેકટની અમલીકરણની કામગીરી મે. મેઘા એન્જીનીયરીંગ અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર લીમીટેડ તથા રામકી ઇન્ફ્રાસ્ટ્રક્ચર લીમીટેડ (જે.વી) દ્વારા સ્થાપીત સ્પેશીયલ પરપઝ વ્હીકલ (એસ.પી.વી) "જેતપુર ઇન્ડસ્ટ્રીયલ પાઇપલાઇન પ્રોજેક્ટ પ્રાઇવેટ લીમીટેડ" ને તા.૨૮/૧૦/૨૧ ના વર્કઓર્ડર થી ૩૬ માસમાં પુર્ણ કરવાની શરતે જીડબલ્યુઆઇએલ દ્વારા સોંપવાગા

આવેલ છે.

૨) સરિગામ: મે. એન્વાયરો ઇન્ફ્રા એન્જીનીયર્સ લીમીટિડને તા.૧૯/૧૦/૨૦૨૩ ના રોજ વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે. સદર કામ બનતી ત્વરાએ પૂર્ણ કરવામાં આવશે.

૩) વાપી: વાપી ડીપ-સી પ્રોજેકટ માટે મે. કદમ એન્વાયરોમેન્ટ કન્સલટન્ટની નિમણુક તા.૩૦/૦૯/૨૦૨૩ એ કરવામાં આવેલ છે. જેની સ્થળ પર સર્વેની કામગીરી પ્રગતિ હેઠળ છે.

૪) સુરત: સુરત ડીપ-સી પ્રોજેકટ માટે મે. એનપ્રો એન્વાયરો ટેક અને એન્જીનીયર્સ પ્રા.લી. કન્સલટેંટની નિમણુક તા.૦૧/૦૮/૨૦૨૩એ કરવામાં આવેલ છે. ઉકત સ્થિતીએ સદર પ્રોજેકટ ચકાસણી હેઠળ છે.

૫) અંકલેશ્વર- ઝગડીયા: અંકલેશ્વર - ઝગડીયા ડિપ-સી પ્રોજેકટ માટે અલગ અલગ એજન્સીની નિમણૂક કરવામાં આવેલ છે.

i) મે.લાખાની એન્જીનીયરસ & ઓર્ગેનાઇઝેશનને તા.૨૧/૧૧/૨૦૨૩.

ii) મે.પી દાસ ને તા.૨૨/૧૧/૨૦૨૩

iii) મે. આર બી કન્સટ્રકશન ને તા.૦૧/૧૨/૨૦૨૩ ના રોજ વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે.

સદર કામ બનતી ત્વરાએ પૂર્ણ કરવામાં આવશે.

**૪)** ઉકત સ્થિતિએ ઉકત કામગીરી ક્યા તબક્કે છે ?

**૪)** ૧) જેતપુર: ઉકત સ્થિતિએ પ્રોજેકટની કામગીરી અંતર્ગત સરકારશ્રીમાંથી મેળવવાની થતી વિવિધ મંજુરીઓ, સી.આર.ઝેડ. કિલયરન્સ તેમજ જમીન સંપાદનની કાર્યવાહી માટે જરૂરી મંજુરીઓ મેળવવા માટે સંલગ્ન વિભાગોમાં અરજી કરેલ છે. જે પ્રગતિ હેઠળ છે.

૨) સરિગામ: ઉકત સ્થિતિએ કામ પ્રગતિ હેઠળ છે.

૩) વાપી: ઉકત સ્થિતિએ સર્વેની કામગીરી પ્રગતિ હેઠળ છે.

૪) સુરત: ઉકત સ્થિતિએ સદર પ્રોજેકટ ચકાસણી હેઠળ છે.

૫) અંકલેશ્વર- ઝગડીયા: ઉક્ત સ્થિતિએ કામ પ્રગતિ હેઠળ છે.

---

**ગૃહમાં જવાબ આપવાની તા.૧૯-૦૨-૨૦૨૪**

ક્રમાંક: વસપ-૧૦૨૦૨૪-તા.પ્ર.૮-ગ
ઉદ્યોગ અને ખાણ વિભાગ,
બ્લોક નંબર-૫, ૩ જો માળ,
સચિવાલય, ગાંધીનગર.
તા. 13 FEB 2024

પ્રતિ,
સચિવશ્રી,
ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર તરફ તેઓશ્રીના તા.૦૧/૦૨/૨૦૨૪ ના પત્ર અન્વયે વધારાની ત્રણ નકલો સહિત.

(બી.એસ.મહેતા)
સંયુક્ત સચિવ
ઉદ્યોગ અને ખાણ વિભાગ

નકલ રવાના:-

- સેક્શન અધિકારી, જ-શાખા, ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેક્ટ ફાઇલ.

મુખ્ય પેજ પર જાઓ

## હાર્દ

- રાજ્યના વિવિધ વિસ્તારોના ઔદ્યોગિક વસાહતની સ્થાપના દ્વારા સમતોલ અને ઝડપી આર્થિક વિકાસ સાધવાના ઉદ્ધેશ સાથે રાજ્ય સરકાર દ્વારા ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ ૧૯૬૨ હેઠળ નિગમની સ્થાપના કરવામાં આવેલ છે.
- નવા ઉદ્યોગો આવે અને હયાત ઉદ્યોગોનો વિકાસ થાય તેમાટે નિગમ દ્વારા રાજ્યમાં જુદા જુદા સ્થળોએ વસાહતોની સ્થાપના કરેલ છે.
- નિગમ દ્વારા સરિગામ, વાપી, સુરત, અંકલેશ્વર અને ઝઘડિયા ઔદ્યોગિક વસાહતોમાં કેમિકલ્સ, પેટ્રો–કેમિકલ્સ, પ્લાસ્ટીક અને ઇજનેરી વગેરે ઉદ્યોગો આવેલા છે. ઉદ્યોગોમાંથી નિકળતા એફ્લુઅન્ટ ડિસ્પોઝલથી પર્યાવરણને નુકશાન ના થાય તેમજ એફ્લુઅન્ટનું યોગ્ય જગ્યાએ ઊંડા દરિયામાં નિકાલ થાય તે હેતુસર સરકારશ્રી દ્વારા ડીપ–સી એફ્લુઅન્ટ ડિસ્પોઝલ પ્રોજેક્ટની મંજુરી આપવામાં આવેલ છે. જે અન્વયે સરકારશ્રી દ્વારા રૂ. ૪૭૦ કરોડની સૈદ્ધાંતિક વહીવટી મંજુરી આપવામાં આવેલ છે. જે પૈકી નીચે મુજબના પ્રોજેકટની કામગીરીની અમલવારી ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમને સોંપવામાં આવેલ છે.
- સરીગામ CETP એક્ષ્પાન્સન અને ડીપ–સી ડીસ્પોઝલ પ્રોજેકટ
- અંકલેશ્વર–ઝઘડીયા ડીપ–સી ડીસ્પોઝલ પ્રોજેકટ
- વાપી CETP એક્ષ્પાન્સન અને ડીપ–સી ડીસ્પોઝલ પ્રોજેકટ
- સુરત ડીપ–સી ડીસ્પોઝલ પ્રોજેકટ

મુખ્ય પેજ પર જાઓ

## પૂરક નોંધ.

- નિગમ દ્વારા સરિગામ, વાપી, સુરત, અંકલેશ્વર અને ઝઘડિયા ઔધોગિક વસાહતો માટે ડીપ–સી એફ્લુઅન્ટ ડિસ્પોસલ અંગે કાર્યવાહી કરવા નિગમને સરકારશ્રી દ્વારા તા. ૨૨/૦૪/૨૦૨૨ ના રોજ મંજૂરી આપેલ છે. જે અન્વયે સહાય માટેની વહીવટી મંજૂરી તા. ૧૬/૦૫/૨૦૨૩ ના રોજ સરકારશ્રી દ્વારા આપવામાં આવેલ છે.
- તા. ૧૯/૦૭/૨૦૨૩ ના રોજ સરકારશ્રીના કાર્યાલય આદેશ દ્વારા રૂ. ૪૭૦.૦૦ કરોડની મંજુરી આપવામાં આવેલ છે.
- ઉકત પ્રોજેકટોનો અહેવાલ નીચે મુજબ છે.
- સરિગામ: સરિગામ ડીપ–સી પ્રોજેકટ માટે કન્સલટન્ટની નિમણૂક કરવામાં આવેલ, તેઓશ્રી દ્વારા રજુ થયેલ રીપોર્ટની જરૂરી ચકાસણી કર્યા બાદ ઈન્ફ્રાસ્ટ્રકચરની કામગીરી અર્થે એજન્સીની ટેન્ડર પ્રક્રિયા મારફતે નિમણૂક કરવામાં આવેલ છે. સંબધિત એજન્સીને તા. ૧૯/૧૦/૨૦૨૩ ના રોજ વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે. ઉકત સ્થિતિએ કામ પ્રગતિ હેઠળ છે
- વાપી: વાપી ડીપ–સી પ્રોજેકટ માટે નિગમ દ્વારા મે. કદમ એન્વાયરોમેન્ટ કન્સલટન્ટની નિમણુક તા.૩૦/૦૯/૨૦૨૩ એ કરવામાં આવેલ છે. તેઓશ્રી દ્વારા સ્થળ પર સર્વેની કામગીરી પ્રગતિ હેઠળ છે.
- સુરત: સુરત ડીપ–સી પ્રોજેકટ માટે નિગમ દ્વારા મે. એનપ્રો એન્વાયરો ટેક અને એન્જીનીયર્સ પ્રા.લી. કન્સલટન્ટની નિમણુક તા. ૦૧/૦૮/૨૦૨૩એ કરવામાં આવેલ છે. તેઓશ્રી દ્વારા સ્થળપરની સર્વેની કામગીરી પૂર્ણ કરેલ છે. જેનો વિગતવાર પ્રોજેકટ રીપોર્ટ સાદર કરેલ છે. જે ચકાસણી હેઠળ છે.
- અંકલેશ્વર– ઝગડીયા: અંકલેશ્વર– ઝગડીયા ડીપ–સી પ્રોજેકટ માટે કન્સલટન્ટની નિમણૂક કરવામાં આવેલ, તેઓશ્રી દ્વારા રજુ થયેલ રીપોર્ટની જરૂરી ચકાસણી કર્યા બાદ ઈન્ફ્રાસ્ટ્રકચરની કામગીરી અર્થે એજન્સીની ટેન્ડર પ્રક્રિયા મારફતે ૩(ત્રણ) એજન્સીની નિમણૂક કરવામાં આવેલ છે. સંબધિત એજન્સીને તા. ૨૧/૧૧૨૦૨૩, તા. ૨૨/૧૧/૨૦૨૩ અને તા. ૦૧/૧૨/૨૦૨૩ ના રોજ વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે. ઉકત સ્થિતિએ કામ પ્રગતિ હેઠળ છે
- ઉકત પ્રોજેકટ માટે ઉકત સ્થિતીએ સરકારશ્રી દ્વારા રૂ. ૭૦ કરોડની ફાળવણી કરવામાં આવેલ છે.

મુખ્ય પેજ પર જાઓ

| અગ્રતા ક્રમ:– ૧૯ | |
|---|---|
| તારાંકિત પ્રશ્ન ક્રમાંક:–૧૫/૪/૨૦૨૫ | |
| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી : શ્રી ભગવાનજી કરગટીયા (મંગરોળ) | |
| પેટા પ્રશ્ન : ૧ | ડીપ-સી પ્રોજેક્ટની જરૂરીયાત ઉભી થવાનું કારણ ? |
| જવાબ | નિગમ દ્વારા સરિગામ, વાપી, સુરત, અંકલેશ્વર અને ઝઘડિયા ઔદ્યોગિક વસાહતોમાં પેટ્રોકેમીકલ્સ, કેમીકલ્સ, પ્લાસ્ટીક અને એન્જીનીયરીંગ જેવા જુદા જુદા પ્રકારના ઉદ્યોગો આવેલા છે. સદર એકમો માંથી બહાર નીકળતા ગંદા પાણીનો પર્યાવરણને ધ્યાને રાખી યોગ્ય જગ્યાએ(ઊંડા દરિયામાં) પાઇપલાઈન મારફતે નિકાલ કરવા હેતુસર ડીપ–સી પ્રોજેક્ટની જરૂરીયાત ઉભી થયેલ છે. |

મુખ્ય પેજ પર જાઓ

| અગ્રતા ક્રમ:– ૧૯<br>તારાંકિત પ્રશ્ન ક્રમાંક:–૧૫/૪/૨૦૨૫ | |
|---|---|
| **પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી : શ્રી ભગવાનજી કરગટીયા (મંગરોળ)** | |
| **પેટા પ્રશ્ન : ૨** | **ડીપ-સી પ્રોજેક્ટ અંતર્ગત કેટલી વસાહતોને લાભ થશે?** |
| જવાબ | ડીપ–સી પ્રોજેક્ટ અંતર્ગત કુલ ૧૨ ઔદ્યોગિક વસાહતોને લાભ થનાર છે. |

મુખ્ય પેજ પર જાઓ

**અગ્રતા ક્રમ:– ૧૯**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક:–૧૫/૪/૨૦૨૫**

| | |
|---|---|
| **પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી : શ્રી બાબુસિંહ જાદવ (વટવા)** | |
| **પેટા પ્રશ્ન : ૩** | **અંકલેશ્વર, સરિગામ અને દહેજ ઔધોગિક વસાહતોના ડીપ-સી પ્રોજેક્ટ યોજના હેઠળના મહત્વના પ્રોજેક્ટ માટે શું કાર્યવાહી કરવામાં આવેલ છે તેમજ સદર પ્રોજેક્ટની વર્તમાન સ્થિતી શું છે?** |
| જવાબ | અંકલેશ્વર, સરિગામ અને દહેજ ઔ. વસાહતોના ડીપ–સી પ્રોજેક્ટ માટે એજન્સીની નિમણૂક કરવામાં આવેલ છે અને હાલમાં ઉક્ત પ્રોજેક્ટ કાર્યરત છે. |

મુખ્ય પેજ પર જાઓ

**અગ્રતા ક્રમ:– ૧૯**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક:–૧૫/૪/૨૦૨૫**

| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી : શ્રી બાબુસિંહ જાદવ (વટવા) | |
|---|---|
| **પેટા પ્રશ્ન : ૪** | **સરકારશ્રી દ્વારા ઉધોગોના એફ્લુઅન્ટ અંગેના પ્રદૂષણ નિવારણ માટે કોઇ સહાય ઉપલબ્ધ કરવામાં આવેલ છે?** |
| જવાબ | ઉધોગોના એફ્લુઅન્ટ અંગેના પ્રદૂષણના નિવારણ માટે લગત વસાહતમાં જરૂરી ઈન્ફ્રાસ્ટ્રકચર પૂરૂ પાડવા માટે સરકારશ્રી દ્વારા કોમન એન્વાયરમેન્ટ ઈન્ફ્રાસ્ટ્રકચર સ્કીમ હેઠળ સહાય આપવામાં આવે છે. |

મુખ્ય પેજ પર જાઓ

| અગ્રતા ક્રમ:– ૧૯<br>તારાંકિત પ્રશ્ન ક્રમાંક:–૧૫/૪/૨૦૨૫ | |
|---|---|
| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી : | |
| **પેટા પ્રશ્ન : ૫** | **ઉધોગ અને ખાણ વિભાગ દ્વારા વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન ડીપ-સી એફલુઅન્ટ ડીસ્પોઝલ પ્રોજેકટ માટે ખર્ચ કેમ થયેલ નથી.** |
| જવાબ | સરકારશ્રી દ્વારા મંજૂર કરેલ ડીપ–સી ડીસ્પોસઝલ અંગેના તમામ પ્રોજેકટના અસરકારક અમલીકરણ માટે નિષ્ણાંત એજન્સીઓ નિયુકત કરી સાથે પર્યાવરણીય મંજૂરી માટે આંતરાષ્ટ્રીય કક્ષાની માન્યતા પ્રાપ્ત એજન્સી સાથે સર્વેની કામગીરી હાથ ધરી તેઓ દ્વારા જરૂરી વિગતો મેળવવામાં આવશ્યક સમયને ધ્યાને રાખી આવશ્યક ખર્ચ કરવામાં આવેલ છે. |

મુખ્ય પેજ પર જાઓ

| અગ્રતા ક્રમ:– ૧૯<br>તારાંકિત પ્રશ્ન ક્રમાંક:–૧૫/૪/૨૦૨૫ | |
|---|---|
| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી : | |
| **પેટા પ્રશ્ન : ક** | **સદર ડીપ-સી પ્રોજેકટની કામગીરી અંદાજીત ક્યારે પૂર્ણ થશે?** |
| જવાબ | સદર ડીપ–સી પ્રોજેકટની કામગીરી હાલ હાથ ધરવામાં આવેલ હોઈ, જેમ બને તેમ ત્વરીત પૂર્ણ કરવામાં આવશે. |

મુખ્ય પેજ પર જાઓ